ગાંધીનગરથી દર પહેલી અને પંદરમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58245

Registered under RNI No. GUJGUJ/2014/58245 Permitted to post at SRO,GANDHINAGAR, and on 1st & 15th of every month under Postal Regd No G-GNR-339 issued by SSP GNR valid up to 31-12-2019

Special Colour Edition

# અગ્નિપથ

વર્ષ : ૦૬ ● અંક : ૦૩ ● તંત્રી : હરીશ રાણા ● સ્થાપક તંત્રી : અરવિંદ રાણા ● તારીખ : ૧૫-૦૩-૨૦૧૭ બુધવાર ● કિંમત : રૂા. ૧.૦૦ ● પાના : ૪

### દર્શન યોગ મહાવિદ્યાલયનાં વ્યવસ્થાપક આચાર્ય દિનેશકુમારજીનાં સાનિધ્યમાં

## ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા ઋષિ બોધોત્વસની ભવ્ય ઉજવણી સંપન્ન

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઋષિ બોધોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શિવરાત્રીનાં રોજ ઉજવવામાં આવતા આ પર્વનો પ્રારંભ વૈદિક સંધ્યાથી કરવામાં આવ્યો હતો. સંધ્યા બાદ બૃહદ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ધર્માચાર્ય પં. વિજયકુમાર આર્ય (સિદ્ધાંતચાર્ય) તથા પંડિત કનુપ્રસાદ શાસ્ત્રીનાં બ્રહ્મત્વમાં આ મહાયજ્ઞ સંપન્ન થયો હતો.

યજ્ઞ બાદ સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહજી વાઘેલાએ ઉપસ્થિત સૌને આવકાર્યા હતા. ત્યારબાદ આ સમારોહનાં વિશેષ આમંત્રિત મહેમાન દાર્શનિક વિદ્વાન આચાર્ય દિનેશકુમારજી આર્યનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આચાર્ય દિનેશકુમારજીએ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે સૃષ્ટિના પ્રારંભથી લઈને આજદિન સુધી માનવમાત્રનો એક જ ધર્મ છે અને તે છે વૈદિક સનાતન ધર્મ. ધર્મ મનુષ્યને જીવન જીવવાની કળા બતાવે છે. વેદોમાં સફળતાનાં ચાર ક્ષેત્રો બતાવવામાં આવ્યા છે. જે વ્યક્તિ આ ચાર ક્ષેત્રોમાં સફળતા મેળવે છે તે જ ખરેખર સફળ કહેવાય છે. આ ચાર ક્ષેત્રો છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

તેમણે મહર્ષિ દયાનંદ સરસ્વતીને આજના દિવસે જે




રીતે બોધ થયો હતો તેનું વર્ણન કરી ઉપસ્થિત જનસમુદાયને આત્મા-પરમાત્મા વિષે ચિંતન-મનન કરવા પ્રેરણા આપી હતી.

ગાંધીનગરથી પધારેલા અગ્નિપથનાં સ્થાપક તંત્રી અને વૈદિક પ્રચારક શ્રી અરવિંદભાઈ રાણાએ યાદશક્તિ અને સમજણ શક્તિ કેવી રીતે પ્રાપ્ત કરવી તેની ઉદાહરણ સહિત સમજ આપી હતી.

(અનુ. પાન ૩ ઉપર)

## ચીનની તાઓ ફિલોસોફી અને પ્રાચીન ભારતીય વૈદિક ફિલોસોફી વિષે રસપ્રદ વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર

રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા વૈદિક પરિવારનાં સહયોગથી તાજેતરમાં સેક્ટર-૮ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે બે રાષ્ટ્રોના તત્વજ્ઞાનની વિશેષતાઓ સંબંધિત વ્યાખ્યાન યોજાઈ ગયું.

આ ચર્ચા સભામાં સૌ પ્રથમ વૈદિક પ્રચારક અને રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણાએ સૌને આવકાર્યા હતા. ત્યારબાદ કાર્યક્રમનાં સંયોજક તથા ગુજરાત સરકારમાં પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગમાં અધિક સચિવ તરીકે ફરજ બજાવતા શ્રી અનિલભાઈ પટેલે તાઓ ફિલોસોફીનાં અમેરિકાનાં ન્યુયોર્ક સ્થિત ચાઈનીઝ માસ્ટર કુઓ શેન હાન, તાઈવાનનાં પ્રચારકો કુઓ શેન્ગ ચી અને કાન્ગ ચુ ત્સુઈ, મલેશીયાનાં પ્રચારક દિલીપ કુમાર, સિંગાપુરની પ્રચારિકા કુ. ઈવેલીન કેર અને કુ. ક્વેક જેઓક હોન્ગનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ માસ્ટર કુઓ શેન હાન દ્વારા તાઓ ફિલોસોફીની માન્યતાઓ વિશે




સમજ આપી હતી. તેમણે કહ્યું હતું કે તાઓઈઝમ એકતત્વમાં માને છે. તેમણે એવો દાવો કર્યો હતો કે જયાં સુધી બધા એકતત્વને સમજીને તેનો સ્વીકાર નહીં કરે ત્યાં સુધી સંવાદિતા સંભવ નથી.

વૈદિક ફિલોસોફી વિષે શ્રી અરવિંદભાઈ રાણાએ સૌને માહિતગાર કર્યા હતા. શ્રી અરવિંદભાઈ રાણાએ કહ્યું હતું

(અનુ. પાન ૨ ઉપર)

## અમદાવાદનાં પોલીસ કમિશ્નરનો પ્રજાલક્ષી અને સાહસિક નિર્ણય

ગુજરાતમાં દારૂબંધીનો કાયદો વધારે કડક કરવાનો સરકારનો નિર્ણય પ્રસંશનીય છે. આ માટે સરકાર ઉપર દબાણ ઉભું કરવામાં સફળ રહેનાર યુવાન ઠાકોર નેતા શ્રી અલ્પેશ ઠાકોર અને તેમની સમગ્ર સેના અભિનંદનનેપાત્ર છે. પરંતુ માત્ર કાયદો બનાવી લેવાથી કોઈ દૂષણ દૂર થતું નથી. આ માટે અસરકારક અમલીકરણ સૌથી મહત્વનો ભાગ ભજવે છે. હવે જોવાનું એ છે કે નવા કાયદાનો અમલ કેટલી કડકાઈથી સરકાર પોલીસનાં માધ્યમથી કરાવી શકે છે.

પોલીસ તંત્રમાં અમદાવાદ શહેરનાં પોલીસ કમિશ્નર શ્રી એ. કે. સિંઘે તાજેતરમાં લીધેલો નિર્ણય ચર્ચાનો વિષય બન્યો છે. પોતાના જ પોલીસ સ્ટેશનનાં પોલીસ અધિકારીને પોતાની જવાબદારીનું ભાન કરાવવાના આશયથી પોલીસ કમિશ્નર દ્વારા એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે જે પોલીસ સ્ટેશનની હદમાં આવતા હોય તેવા વિસ્તારમાંથી દારૂ પકડાશે

**સંપાદકીય..- અરવિંદ રાણા**

અથવા તો જુગારધામ કે અનિતી ધામ પકડાશે તો તે પોલીસ થાણાના ઈન્ચાજ સામે શિક્ષાત્મક પગલાં લેવાશે.

ખરેખર આ નિર્ણય પ્રસંશનીય અને સાહસિક છે. શ્રી એ. કે. સિંઘે માત્ર પરિપત્ર જ નથી કર્યો પણ તેનો કડક અમલ પણ શરૂ કરી દીધો છે. તાજેતરમાં જ સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા માધુપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારધામ પકડી પાડવામાં આવ્યું હતું. જેની પ્રતિક્રિયારૂપે પોલીસ કમિશ્નર દ્વારા માધુપુરાના પોલીસ ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. આ પ્રકારની ઘટનાથી અધિકારીઓમાં પણ ફફડાટની લાગણી જોવા મળી રહી છે અને અધિકારી પોતાની ફરજ પ્રત્યે વધારે સભાન થયા છે.

આ પ્રકારના નિર્ણયો અગાઉ પણ લેવાયા હતા. પરંતુ આવા નિષ્ઠાવાન અને બાહોશ પોલીસ અધિકારીઓની બદલી થતાની સાથે જ આવા પરિપત્રો પસ્તી બની જતા હોય છે. હવે જોવાનું એ છે કે અમદાવાદનાં પોલીસ કમિશ્નરનાં આ નિર્ણયની સરકારમાં બેઠેલા નીતિ વિષયક નિર્ણયો લેનારા ઉચ્ચ પદાધિકારીઓમાં અને રાજનેતાઓમાં કેવા પડઘા પડે છે. જો સરકાર ઈચ્છે તો આ નિયમ તમામ વિભાગોમાં લાગુ કરી શકે તેમ છે. જો એવું થઈ જાય તો તે ખરેખર પ્રજાલક્ષી બહુ મોટો નિર્ણય કહેવાશે. આનાથી સરકારની છાપ પણ સુધરશે અને લોકોમાં સરકાર પ્રત્યેનો જે રોષ છે તે કાંઈક અંશે ઓછો થશે એમાં કોઈ બેમત નથી.

# નાણા અને સંપત્તિથી વ્યક્તિ અમીર બન્યો છે, છતાં અંદરથી ગરીબ જ રહ્યો છે

- **ઘરનું નિરસ વાતાવરણ તથા ટી.વી.ના દૂષણે બાળકોના મસ્તિષ્ક પર અત્યન્ત દુષ્પ્રભાવ પાડ્યો છે.**

ભૌતિક ઉન્નતિના શિખર પર હોવા છતાં આજે મનુષ્ય અશાંત અને અતૃપ્ત છે. માનવજીવનમાં સુખ, સુવિધા, સમૃદ્ધિ વધી છતાં માનવ હતાશા, નિરાશા અને ટેન્શનમાં જીવી રહ્યો છે. સુખના સાધનો વધ્યા છે, પરંતુ સુખ વધ્યું નથી. નાણા અને સંપત્તિથી વ્યક્તિ અમીર બન્યો છે, છતાં અંદરથી ગરીબ જ રહ્યો છે. અધિક ધન તેના માટે બોજારૂપ બની ગયું છે. વધુ ભૌતિકતા તથા નાણા પાછળની દોટે પરિવારમાં પ્રેમ, લાગણી, હૂંફ, સંવાદિતા, ચર્ચા, કર્તવ્યભાવના વગેરેનો છેદ કરી નાંખ્યો છે.

આજે માતાપિતા પાસે બાળક માટે પૈસા છે, પરંતુ સમય નથી. પોતાનું બાળક કયા ધોરણમાં કેવું ભણે છે તેની કોઈ પરવાહ નથી. કેવળ ટ્યુશન ફી ભરીને બાળકની રહેવા, જમવા અને ભણવાની સુવિધા કરી આપી માતાપિતા ઈતિશ્રી માની લે છે. પરિણામ એ આવે છે કે બાળકો આદરભાવ રહિત, નિષ્ઠુર, કહ્યું ન માનનારા અતિજીદ્દી બની ગયા છે.

બાળકો પણ ભણતરના ભાર નીચે દબાઈ ગયા છે. કુદવા, રમવાની ઉંમરે તેઓની સ્વાભાવિકતા ખતમ થઈ ગઈ છે. ઘરનું નિરસ વાતાવરણ તથા ટી.વી.ના દૂષણે બાળકોના મસ્તિષ્ક પર અત્યન્ત દુષ્પ્રભાવ પાડ્યો છે. આજે પરિવાર, સમાજ, રાષ્ટ્ર બધા જ તનાવ-ટેન્શનમાં જીવી રહ્યાં છે. બાળકો પણ ખૂબ ટેન્શનમાં જીવે છે. માતાપિતા તેઓ પાસે તેઓના સામર્થ્ય કરતાં વધુ અપેક્ષા રાખી રહ્યા છે. પરિણામે બાળકો પરીક્ષાના ભયથી અથવા તો નાપાસ થવાથી આત્મહત્યા જેવું પગલું ભરી લે છે અથવા તો તે પ્રેમ અને હૂંફના અભાવે પરિવાર અને સમાજ પ્રત્યે ધૃણાભાવ પેદા કરી અતિહિંસક બને છે.

## સફળતાનું રહસ્ય

**વક્તા : સ્વામી વિવેકાનંદજી**
**સંકલન : મહેન્દ્ર ગાંધી**

આજે કોઈને પૂછીએ કે તમે શેના માટે જીવો છો? તો જવાબ મળે છે 'ખબર નથી' બાળકને પણ પૂછવામાં આવે કે તમે શા માટે ભણો છો? શું બનશો? જવાબ એ જ મળે છે 'ખબર નથી'. આપણે બધા જ વગર દિશાએ, વગર લક્ષ્યે આમતેમ દોડી રહ્યા છે, ભટકી રહ્યા છીએ. ગમે ત્યારે ઉઠવું, ગમે ત્યારે સૂવું, ગમે ત્યારે ગમે તે ખાવું, ગપ્પા મારી સમય પસાર કરવો, મોબાઈલ પર લાંબી લાંબી વાતો કરવી વગેરે પ્રકારની દિનચર્યાએ જીવનને ખોખરૂં કરી નાંખ્યું છે. મન ફાવે તેવું જીવન જીવવું પતનના માર્ગે ધકેલવા જેવું છે.

આજે આપણું જીવન સ્થિર નથી, સ્વાભાવિક નથી, સહજ નથી, અપ્રાકૃતિક છે. પરિણામ દુ:ખ, પીડા, કષ્ટ અને અસફળતા. આપણે આપણા જીવનને સમતુલિત બનાવવું જ પડશે. સમતુલિત દિનચર્યા માનવજીવનમાં સુખ, સંતોષ, શાંતિ અને સફળતા પ્રાપ્ત કરાવે છે.

વૈદિક ગ્રંથોમાંથી મળતું જ્ઞાન માનવની વાસ્તવિક ઉન્નતિ કરે છે. આજે ભણેલો ગણેલો વકીલ, ન્યાયધીશ, પ્રોફેસર કે ડોક્ટરે આત્મહત્યા કરી લીધાના સમાચાર જાણવા મળે છે. આ વિદ્યા સાચું જીવન જીવવાની દિશા આપતી નથી. જ્યારે એની સામે ગુરુકુળના કોઈ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી હોય એવા સમાચાર કદી પણ સાંભળ્યા નથી. કારણ કે ગુરુકુળમાં ભૌતિક જ્ઞાનની સાથે આધ્યાત્મિક જ્ઞાન પણ અપાય છે. કયા પ્રકારે ઉત્તમ જીવન જીવવું, કયા પ્રકારે દુ:ખોથી પ્રભાવિત ન થવું, કયા પ્રકારે વિકટ સમસ્યાઓનો સામનો કરવો, શરીર અને આત્માની ભિન્નતા, પરમાત્માની વિશેષતા વગેરે વિષે પણ વિદ્યા આપવામાં આવે છે. સાચી વિદ્યા જ સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ કરે છે.

દિવ્ય અને સમતુલિત જીવન જીવવા માટે મનનો ઉત્તમ પ્રયોગ કરવો જોઈએ. મનમાં ઉઠતા વિચારોનું હંમેશા પૃથક્કરણ કરતા રહેવું જોઈએ. જે વિચારો હિતકારી અને લાભપ્રદ હોય તેને જ ક્રિયાન્વિત કરવા જોઈએ. મનુષ્ય એ જ કામ કરે છે જેમાં તેને લાભ મળતો હોય. શેમાં લાભ વધુ મળે તેમજ કઈ વસ્તુ ગુણવત્તામાં ઉત્તમ છે, તે ક્યારે અને કઈ વિધિથી કરવું તે માટે ચિંતન કરવું જોઈએ, કાર્યની પ્રક્રિયા તથા ગુણવત્તા બાબતે સ્વાધ્યાય કરવો જોઈએ અથવા ગુરુ-આચાર્ય પાસેથી માર્ગદર્શન મેળવવું જોઈએ. જો આમ કરવામાં આવે તો મનુષ્યની લાભપ્રદ વસ્તુઓ પ્રત્યે પ્રીતિ અને રૂચિ વધે છે. લાભપ્રદ વસ્તુઓ માટે મનુષ્ય વિશેષ પુરુષાર્થ કરે છે અને અંતે તે મેળવવામાં સફળ થાય છે.

સમતુલિત જીવન એનું જ કહેવાય જેણે શારીરિક, માનસિક, સામાજિક અને આત્મિક વિકાસ કરી લીધો હોય. જેનું શરીર, મન, બુદ્ધિ અને આત્મા શુદ્ધ અને બળવાન છે તેને જ પૂર્ણપુરુષ માનવો. વિચાર કાર્યો અને સમયનું યથોચિત મેનેજમેન્ટ કરનાર મનુષ્ય જીવનમાં સફળ થાય છે.

## ચીનની તાઓ...

(પાન-૧નું શેષ)

કે તાઓ ફિલોસોફી અદ્વૈતવાદ જેવી છે. જેમાં એક જ ઈશ્વર તત્વને એનર્જીનાં રુપમાં માનવામાં આવે છે. તાઓ ફિલોસોફીની જેમ વૈદિક દૃષ્ટિએ પણ ઈશ્વર અર્થાત ચેતન પદાર્થ સર્વવ્યાપક છે. તેમણે બંને વિચારધારાની સમાનતાઓ અને અસમાનતાઓ વિશે સમજણ આપી હતી. તેમણે કહ્યું હતું કે વૈદિક તત્વજ્ઞાનમાં ઈશ્વર, જીવ અને પ્રકૃતિ એમ ત્રણ તત્વોને અનાદિ માનવામાં આવે છે. ઈશ્વર અને જીવ ચેતન તત્વો છે અને પ્રકૃતિ જડ તત્વ છે. આ વૈદિક સિદ્ધાંત જ યુક્તિયુક્ત અને ન્યાયોચિત હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ રસપ્રદ ચર્ચામાં આદર્શ નિવાસી કન્યા શાળાની ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ અને અન્ય સભ્યોએ અનેક પ્રશ્નો પૂછીને જ્ઞાનાર્જન કર્યું હતું. રોટરી ક્લબનાં શ્રી જગતભાઈ કારાણી, શ્રી અભેરાજભાઈ ચૌધરી, શ્રી યુવરાજસિંહ વાઘેલા વગેરે સભ્યો દ્વારા દ્વારા પણ કેટલાક પ્રશ્નો ઉપસ્થિત કરી ચર્ચાને જીવંત બનાવી દેવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં આભારવિધિ સંયોજક શ્રી અનિલભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# વૈદિક સંસ્થાન-ઓઢવ દ્વારા વૈદિક હોળીની ઉજવણી કરવામાં આવી

અમદાવાદ સ્થિત વૈદિક સંસ્થાન, ઓઢવ દ્વારા દર વર્ષે વૈદિક હોળીની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આ વર્ષે પણ ૧૨મી માર્ચનાં રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન માધવ વિદ્યા સંકુલ, વસ્ત્રાલ ખાતે કાર્યક્રમનું આયોજન કરાયું હતું.



વૈદિક સંસ્થાનનાં પ્રમુખ શ્રી પ્રફુલભાઈ વોરા તથા શ્રી લાલચંદભાઈ આર્યના માર્ગદર્શનમાં સમગ્ર કાર્યકર્તાઓના સામુહિક પુરુષાર્થથી કાર્યક્રમ ભવ્ય સફળ રહ્યો હતો. વિશેષ ઔષધિયુક્ત સામગ્રીથી કરવામાં આવેલ આ હોળી પર્વનાં બૃહદ યજ્ઞમાં મુખ્ય યજમાન તરીકે અગ્રણી ઉદ્યોગપતિ શ્રી રામુસિંહ ભદોરીયા ઉપસ્થિત રહ્યાં હતા.

ઉપસ્થિત બહોળા જનસમુદાયને વૈદિક હોળીનું મહત્વ વૈદિક પ્રચારક શ્રી સંજયભાઈ પ્રજાપતિ દ્વારા સમજાવવામાં આવ્યું હતું.

# સુરત સ્થિત આર્યસમાજ, સોનીફળીયા દ્વારા હોળી પર્વ નિમિત્તે વિશેષ બૃહદ યજ્ઞ અને સ્નેહ મિલન સમારોહનો કાર્યક્રમ સંપન્ન

સુરત

સુરતનાં સોનીફળીયા સ્થિત આર્યસમાજ મંદિર ખાતે હોળી પર્વની શુભકામના પાઠવવા એક હોળી સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હોળીના દિવસે સવારે ૯-૦૦ કલાકે આ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સૌથી પહેલાં બૃહદ યજ્ઞ કરવામાં આવ્યો હતો. પંડિત રમેશભાઈ દ્વારા યજ્ઞ કાર્ય સંપન્ન કરાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનાં ઉપપ્રમુખ શ્રી ઋતપ્રિય આર્ય, આર્યસમાજનાં મંત્રી શ્રી રોહિતભાઈ શર્મા, કોષાધ્યક્ષ શ્રી મનમોહનજી શર્મા, સહમંત્રી શ્રી યોગેશભાઈ ધામેચા વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

આ કાર્યક્રમમાં વૈદિક પરિવારનાં ૪૦થી વધુ સભ્યોએ ઉપસ્થિત રહી યજ્ઞનો લાભ લીધો તથા પરસ્પર હોળીની શુભકામનાઓ પાઠવી હતી. આર્યસમાજનાં પ્રમુખ અને ગુજરાત સરકારમાં કેબિનેટ મંત્રી શ્રી આત્મારામભાઈ પરમાર અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાથી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શકેલ નહીં, પરંતુ તેમણે સૌ આર્યજનોને હોળીની





શુભકામના સંદેશ પાઠવ્યો હોવાનું આર્યસમાજનાં મંત્રી શ્રી રોહિતભાઈ શર્માએ જણાવ્યું હતું.

## ચરોતર પ્રદેશ...

(પાન-૧નું શેષ)

શારદા મંદિર ડે હાઈસ્કુલ, નડિયાદની વિદ્યાર્થીની કુ. રીયા એમ. પંચાલે મહર્ષિ દયાનંદના જીવન અને કાર્યો તેમજ સ્વાતંત્ર્ય સંગ્રામમાં આર્યસમાજનું યોગદાન વિષય ઉપર તથ્યો આધારિત વ્યાખ્યાન આપ્યું હતું.

ઋષિ બોધોત્સવ પર્વનાં ભાગરૂપે વિવિધ ૪૧ હાઈસ્કુલોમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કસ્તુરબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ માટે વેદ પ્રવેશ પરીક્ષાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળા દીઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રમાણપત્રો, હાર્મોનીયમ ફાઈલ તથા સાત પુસ્તકોના સેટ આચાર્ય દિનેશકુમારજી, શ્રી અરવિંદભાઈ રાણા તથા મંચસ્થ મહાનુભાવોના વદર હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ સંસ્થાના માનદ્ મંત્રી આર્કિ. શ્રી અશોકભાઈ પટેલનાં માર્ગદર્શન તથા દેખરેખ હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. આર્યસમાજનાં ઉપપ્રમુખ શ્રી કમલેશભાઈ પટેલ, અંતરંગ સમિતિનાં સભ્ય શ્રી જશવંતસિંહ સોલંકી, શ્રી રાજેન્દ્રસિંહ રાજ, શ્રી નટવરસિંહ રાજ સહિત અનેક શાખા સમાજોમાંથી ગણમાન્ય લોકો ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનાં અંતમાં વ્યવસ્થાપક શ્રી વિજયકુમાર આર્યએ સંસ્થા વતી સૌનો આભાર માન્યો હતો.

## વેદવિજ્ઞાન પ્રતિષ્ઠાન, આર્યગ્રામ-કેશવ ગૌશાળા, ગાંધીનગર દ્વારા

# ૧૧૧ ઔષધિઓયુક્ત ૩૦ કિલોગ્રામ સામગ્રીથી વૈદિક હોળી દહનનો કાર્યક્રમ યોજાઈ ગયો

વેદવિજ્ઞાન પ્રતિષ્ઠાન, આર્યગ્રામ-કેશવ ગૌશાળા, ગાંધીનગર દ્વારા વૈદિક હોળી દહનનો કાર્યક્રમ આખા દેશમાં એક સમયમાં થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યાં છે. આ વખતે પૂર્વ નિશ્ચિત લગભગ ૧૧૧ ઔષધિઓયુક્ત ૩૦ કિલોગ્રામ સામગ્રીની વ્યવસ્થા શ્રી ઉપેન્દ્ર પંચાલ દ્વારા કરવામાં આવી હતી.



વસંતીય નવ સસ્યેષ્ટિયજ્ઞ સાંજે ૭-૦૦ કલાકે પંડિત શૈલેન્દ્રજી દ્વારા સંપન્ન કરાવવામાં આવ્યું હતું. યજ્ઞ બાદ વિશાળ હોળી દહનનો કાર્યક્રમ પૂર્વ મંત્રી શ્રી અરવિંદભાઈ પટેલ અને કામધેનુ વિશ્વ વિદ્યાલયનાં કુલપતિ શ્રી વાર્ષ્ણેય મહોદયનાં હસ્તે સાંજે ૭-૩૦ કલાકે શરૂ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બૌદ્ધિક વ્યાખ્યાન વૈદ્ય શ્રી ચંદ્રેશજી તથા પંડિત શ્રી શૈલેન્દ્ર શાસ્ત્રી દ્વારા આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી ગૌરાંગભાઈ, શ્રી દેવાંગભાઈ, શ્રી કૃપભાઈ, શ્રી ફાલ્ગુનભાઈ, શ્રી ઉપેન્દ્રભાઈ શ્રી મનસિંહ રાજપૂત, શ્રી ઓમજી, શ્રી પ્રકાશજી સહિત વૈદિક પરિવારનાં સંયોજક શ્રી મહેન્દ્રભાઈ ગાંધી, શ્રી ગમનભાઈ પટેલ, શ્રી મનોજભાઈ, શ્રી રમેશભાઈ વગેરેનો પ્રસંશનીય ફાળો રહ્યો હતો.

## મેધા બુદ્ધિથી જ પરિવારમાં સમૃદ્ધિ આવે છે : અનામિકા શર્મા

# વૈદિક વીરાંગના દળ દ્વારા જયપુર ખાતે સમૃદ્ધિ યજ્ઞ અને સંગોષ્ઠીનો કાર્યક્રમ યોજાયો

જયપુર

વૈદિક વીરાંગના દળ, જયપુર દ્વારા સમૃદ્ધિ યજ્ઞ અને સંગોષ્ઠી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વૈદિક વીરાંગના દળની રાષ્ટ્રીય અધ્યક્ષા સુશ્રી અનામિકા શર્માએ ઉપસ્થિત પ્રબુદ્ધજનો સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે યજ્ઞ એ એક એવું કાર્ય છે કે જેનાથી વ્યક્તિની બુદ્ધિ કુશાગ્ર બને છે. આવી કુશાગ્ર અને મેધા બુદ્ધિ પ્રાપ્ત વ્યક્તિ જીવનમાં દરેક ક્ષેત્રે સફળતા મેળવે છે અને આવી મેધા બુદ્ધિયુક્ત પરિવારમાં સમૃદ્ધિ અને શાંતિ બંનેની સ્થાપના થાય છે.

આ કાર્યક્રમમાં સંસ્થાની સંરક્ષક શ્રીમતી દુર્ગાબહેન શર્માએ પણ પોતાના વિચારો વ્યક્ત કરતાં રહ્યું હતું કે યજ્ઞ દ્વારા અનેક પ્રકારના રોગોનું નિવારણ થાય છે. યજ્ઞના કારણે યજ્ઞ કરનાર વ્યક્તિની સાથે સાથે આસપાસના વાયુમંડળમાં પણ તેનો પ્રભાવ પડે છે. અનેક રોગનાશક કિટાણુઓનો યજ્ઞના માધ્યમથી નાશ થાય છે અને પરિણામસ્વરૂપ સ્વસ્થ સમાજનું નિર્માણ થાય છે. આ પ્રસંગે શ્રી કમલેશ શર્માએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા.




આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી મુકુટ બિહારી અને અતિથિ વિશેષ તરીકે શ્રી કૌશલાધિશ મિશ્ર ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમની અધ્યક્ષતા શ્રી પ્રમોદ ગાંધીએ કરી હતી. સમારોહમાં સમાજસેવી શ્રીમતી શાલીની માથુર અને શ્રીમતી વિદ્યા વિજયવર્ગીય પણ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં પાંચ આદર્શ પરિવારોને સત્યાર્થ પ્રકાશ ભેટ આપાઈ હતી.

## પૂજ્ય સ્વામી સત્યપતિજી પરિવ્રાજક દ્વારા સંસ્થાપિત

# દર્શન યોગ મહાવિદ્યાલય-આર્યવન, રોજડનો ૩૧મો વાર્ષિકોત્સવ ઉજવાશે

રોજડ

આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ વૈદિક ધર્મનાં પ્રચાર-પ્રસાર માટે દેશ-વિદેશમાં ખ્યાતિ ધરાવે છે. આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટની સ્થાપનાને ૩૬ વર્ષ થઈ ગયા છે. આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ અંતર્ગત દર્શન યોગ મહાવિદ્યાલયને પણ ૩૧ વર્ષ પૂર્ણ થયા છે. આર્યજગતનાં મૂર્ધન્ય વીતરાગ સન્યાસી પૂજ્ય સ્વામી સત્યપતિજી પરિવ્રાજક દ્વારા સ્થાપિત દર્શન યોગ મહાવિદ્યાલયનું વર્તમાનમાં સંચાલન દાર્શનિક સંન્યાસી પૂજ્ય સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકનાં માર્ગદર્શનમાં ખૂબ સારી રીતે ચાલી રહ્યું છે. આ ઉપરાંત આચાર્યા ડૉ. શીતલજીનાં માર્ગદર્શનમાં ચાલતા આર્યવન આર્ષ કન્યા ગુરૂકુળનો આ પ્રથમ વાર્ષિકોત્સવ આગામી ૨૯મી માર્ચ, ૨૦૧૭નાં રોજ યોજાવાનો છે.

આ ત્રિવેણી સંગમસમા વાર્ષિકોત્સવમાં વયોવૃદ્ધ તપસ્વી સન્યાસી પૂજ્ય સ્વામી સત્યપતિજી પરિવ્રાજક આશીર્વચન પાઠવશે. વેદના પ્રકાન્ડ વિદ્વાન આચાર્ય શ્રી સત્યાનંદજી વેદવાગીશ, દર્શન યોગ મહાવિદ્યાલયનાં નિદેશક અને શંકાસમાધાન માટે દેશભરમાં ખ્યાતિ ધરાવનાર દાર્શનિક સંન્યાસી પૂ. સ્વામી

### આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટનો ૩૬મો તથા આર્યવન આર્ષ કન્યા ગુરૂકુળનો પ્રથમ વાર્ષિકોત્સવ પણ સાથે જ ઉજવાશે

વિવેકાનંદજી પરિવ્રાજક, વાનપ્રસ્થ સાધક આશ્રમનાં અધ્યક્ષ આચાર્ય જ્ઞાનેશ્વરજી તથા આર્યવન આર્ષ કન્યા ગુરૂકુળનાં આચાર્યા ડૉ. શીલતજી ખાસ ઉપસ્થિત રહી પોતાની વાણીનો લાભ શ્રોતાજનોને આપશે.

આ કાર્યક્રમમાં સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભાનાં અધ્યક્ષ શ્રી સુરેશચંદ્રજી અગ્રવાલ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. ગુજરાત યુનિવર્સિટીનાં સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષ ડૉ. કમલેશકુમાર શાસ્ત્રી તથા અન્ય ગણમાન્ય વિદ્વાન તેમજ સન્યાસીગણ પણ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરશે.

૨૯મી માર્ચનાં રોજ સવારે ૭-૦૦ કલાકે યજ્ઞ અને ધ્વજારોહણથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે. ત્યારબાદ નાસ્તો અને પછી વિદ્વાનોના ભજન અને પ્રવચનનો કાર્યક્રમ રહેશે. બપોરે ૧૨-૩૦ કલાકે ભોજન અને વિશ્રામ બાદ પુનઃ ૨-૩૦ થી ૫-૩૦ દરમ્યાન ભજન, પ્રવચન અને વિશેષ વ્યક્તિઓના સન્માનનો કાર્યક્રમ રહેશે. સાંજે ૫-૩૦ થી ૬-૦૦ સુધી સામુહિક સંધ્યા અને પછી રાત્રી ભોજનનો કાર્યક્રમ રહેશે. આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટનાં પ્રમુખ શ્રી મનસુખભાઈ ધનજીભાઈ વેલાણીએ આ અંગે વધુ માહિતી આપતાં વધુમાં જણાવ્યું હતું કે આર્યવનમાં રાત્રી રહેવા ઈચ્છતા હોય તેવા અતિથિ મહાનુભાવોએ તા. ૨૫-૩-૨૦૧૭ સુધીમાં જણાવવાનું રહેશે, જેથી તેમની નિવાસની સમુચિત વ્યવસ્થા કરી શકાય.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી હરીશ રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ, જીઆઈડીસી, સેક્ટર-૨૮, જિલ્લો ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાધીનગર-૩૮૨૦૨૧ થી પ્રસિદ્ધ કર્યું. સહતંત્રી : ઉલ્લાસ વોરા
PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C. SECTGOR-28, DIST. GANDHINAGAR, PUBLISHED AT PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021